| GJJM010023872022<br>11202025220061 | | દાખલ તારીખ | : | ૧૧/૦૭/૨૦૨૨ | | |
|---|---|---|---|---|---|---|
| | | નોંધ્યા તારીખ | : | ૧૧/૦૭/૨૦૨૨ | | |
| | | ફેસલ તારીખ | : | ૩૦/૦૫/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | સત્યમેવ જયતે | | | ૦૩ | ૧૦ | ૧૯ |

**નામદાર સુપ્રીમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર-VIનાં 179A અન્વયેનાં નોટિફિકેશન નં. સી–૨૦૦૧–૯૩ તા. ૨૦/૦૫/૨૦૨૨નાં ઠરાવેલા પ્રફોર્મા મુજબ**

## ફોર્મ–એ

**જામનગરના વિશેષ (પોક્સો) ન્યાયાધીશ અને અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**

**ચુકાદા તારીખ:૩૦/૦૫/૨૦૨૬**
**સ્પે.(પોક્સો) કેસ નં. ૩૭/૨૦૨૨**
**આંક–૧૨૦**

(જોડિયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૨૫૨૨૦૦૬૧/૨૦૨૨)

| | |
|---|---|
| **ફરિયાદી** | **ધ સ્ટેટ ઓફ ગુજરાત** |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્ધાન એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર. | **શ્રી એમ.પી.જાની** |
| **આરોપી** | **ભાવેશ રાવજીભાઇ સોલંકી,**<br>ઉ.વ.૨૮, ધંધો: મજૂરી,<br>રે.આંત્રોલી ગામ, તા.કપડવંજ, જિ.ખેડા |
| આરોપી તર્ફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્ધાન વકીલ | **શ્રી એચ.એમ.જોશી** |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૦૨/૨૦૨૨ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૨/૦૨/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૦૮/૦૭/૨૦૨૨ |
| તહોમતનામું ઘડ્યાની તારીખ | ૧૫/૦૯/૨૦૨૨ |
| પુરાવાની શરૂઆત | ૧૩/૧૦/૨૦૨૨ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | –– |

## આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર છૂટ્યા તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ–૪૨૮ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવેશ રાવજીભાઇ સોલંકી | ૧૬/૦૫/૨૦૨૨ | ૦૨/૦૧/૨૦૨૩ | ઇ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટની કલમ–૪,૫(એલ), ૬ તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩(૨)(૫) | નિર્દોષ | | |

## ફોર્મ –સી

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનુ લિસ્ટ

### (એ) ફરિયાદપક્ષ તરફે :–

| નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | રીઝવાન શબ્બીરહુશેન શેખ | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૭ |
| ૨. | ડાડુભાઇ માલદેભાઇ રાવલીયા | આરોપીને અટક કર્યાનુ તથા ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ | ૨૮ |
| ૩. | ડો.કેશા રાજેશભાઇ લાડકીયા | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર | ૩૬ |
| ૪. | ભોગ બનનારના પિતા | ફરિયાદી | ૪૬ |
| ૫. | ભોગ બનનારની માતા | સાહેદ | ૫૦ |
| ૬. | ભોગ બનનારની બહેન | સાહેદ | ૫૧ |
| ૭. | વિનોદ સળીયા નીનામા | સાહેદ | ૫૮ |
| ૮. | સરલાબેન વિનોદભાઇ સળીયા | સાહેદ | ૫૯ |
| ૯. | રાઘવજીભાઇ ડોસાભાઇ | સ્વતંત્ર સાહેદ | ૬૬ |

| | | | |
|---|---|---|---|
| | નાગપરા | | |
| ૧૦. | ગિરિશભાઇ લલ્લુભાઇ પટેલ | સ્વતંત્ર સાહેદ | ૬૮ |
| ૧૧. | ભોગ બનનાર | આ કામના ભોગ બનનાર | ૭૧ |
| ૧૨. | રમેશભાઇ લવજીભાઇ ગાંભવા | ભોગ બનનારની શાળાના આચાર્ય | ૭૭ |
| ૧૩. | મહેન્દ્રકુમાર માવજીભાઇ પટેલ | ભોગ બનનારની શાળાના આચાર્ય | ૮૩ |
| ૧૪. | રફીકમીયા અસરફમીયા શેખ | સ્વતંત્ર સાહેદ | ૮૮ |
| ૧૫. | ચંદ્રિકાબેન ગિરિશભાઇ પટેલ | સ્વતંત્ર સાહેદ | ૮૯ |
| ૧૬. | રતિલાલ બાલાજી ખાટ | સ્વતંત્ર સાહેદ | ૯૩ |
| ૧૭. | કૃણાલ ઇશ્વરભાઇ દેસાઇ | તપાસ કરનાર અમલદાર | ૧૦૧ |
| ૧૮. | ધર્મદિપસિંહ પ્રવિણસિંહ ચુડાસમા | તપાસ કરનાર અમલદાર | ૧૦૮ |

**ફરિયાદપક્ષે અંકે પડેલા દસ્તાવેજી પુરાવા :–**

| **નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | મુદ્દામાલ આર્ટિકલ નં.૮ માંથી નીકળેલ પંચસ્લીપ | ૧૮ |
| ૨. | બનાવવાળી જગ્યાનું તથા ગોદડુ કબજે કર્યાનું પંચનામુ | ૧૯ |
| ૩. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૨૦ |
| ૪. | સરકારી પંચો ફાળવવા રાજ્યવેરા નિરીક્ષકશ્રી, કપડવંજને કરેલ યાદી | ૨૧ |
| ૫. | મુદ્દામાલ આર્ટીકલ નં.૫ થી ૭ માંથી નીકળેલ પંચસ્લીપ | ૨૯ |
| ૬. | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૪ માંથી નીકળેલ પંચસ્લીપ | ૩૦ |
| ૭. | ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૩૧ |
| ૮. | આરોપીને અટક કર્યાનું તથા બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૩૨ |
| ૯. | સરકારી પંચ ફાળવવા જિલ્લા ટ્રેઝરી અધિકારીશ્રી, ટ્રેઝરી કચેરી, જામનગરને કરેલ યાદી | ૩૩ |
| ૧૦. | ભોગ બનનારની મેડિકલ તપાસણી કરી સર્ટિફિકેટ તથા સેમ્પલો આપવાની યાદી | ૩૭ |
| ૧૧. | ભોગ બનનારનો કોન્ફિડેન્સિયલ રીપોર્ટ | ૩૮ |

| | | |
|---|---|---|
| ૧૨. | ભોગ બનનારના સેમ્પલ કલેક્શન ફોર્મ | ૩૯ |
| ૧૩. | ભોગ બનનારના ઓ.પી.ડી. કેસ પેપર્સ | ૪૦ |
| ૧૪. | ભોગ બનનારના ઈન્ડોર કેસ પેપર્સ | ૪૧ |
| ૧૫. | ફરિયાદ | ૪૭ |
| ૧૬. | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૭૨ |
| ૧૭. | ભોગ બનનારની શાળાના રજીસ્ટરના ઉતારાની ખરીનકલ | ૭૮ |
| ૧૮. | ભોગ બનનારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર | ૭૯–૮૦ |
| ૧૯. | ભોગ બનનારનું શાળા પ્રવેશ ફોર્મ | ૮૪ |
| ૨૦. | ભોગ બનનારની શાળાના રજીસ્ટરના ઉતારાની ખરીનકલ | ૮૫ |
| ૨૧. | ફરિયાદીનું જાતિ અંગેનું પ્રમાણપત્ર | ૧૦૨ |
| ૨૨. | સરકારી પંચ ફાળવવાની યાદી | ૧૦૩ |
| ૨૩. | ભોગ બનનારનું મેડિકલ તપાસણી સર્ટિફિકેટ આપવા અંગેની યાદી | ૧૦૪ |
| ૨૪. | મુદ્દામાલ રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૧૦૫ |
| ૨૫. | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૧૦૬ |
| ૨૬. | ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવા અંગેની યાદી | ૧૦૭ |
| ૨૭. | ગુન્હાના કામે તપાસ જઇ અહેવાલ પાઠવવા પો.સ.ઇ. જોડિયા પોલીસ સ્ટેશનને કરેલ યાદી | ૧૦૯ |
| ૨૮. | ગુન્હો રજીસ્ટર કરવાની યાદી | ૧૧૦ |
| ૨૯. | એફ.આઇ.આર.માં કલમ ઉમેરો કરવા અંગેની યાદી | ૧૧૧ |
| ૩૦. | એફ.એસ.એલ. રાજકોટ દ્વારા મુદ્દામાલ પૃથ્થકરણ કર્યા અંગેનો ફોરવર્ડીંગ પત્ર | ૧૧૨ |
| ૩૧. | બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૧૧૩ |
| ૩૨. | સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૧૧૪ |
| ૩૩. | આરોપી તથા ભોગ બનનાર મળી આવ્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેની યાદી | ૧૧૫ |

## -:: ચુ કા દો ::-

**નોંધ:-** આ ચુકાદામાં નામદાર ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંત મુજબ, ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો 'ભોગ બનનાર' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૦/૦૨/૨૦૨૨ ના કલાક ૧૦.૩૦ વાગ્યે લીંબુડા ગામના પાદરમાંથી ફરિયાદીની સગીરવયની દીકરી ભોગ બનનારને તેણી સગીર હોવાનું આરોપી જાણતા હોવા છતાં ભોગ બનનારની સગીરવયની અવસ્થાનો લાભ લઈ લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના બદઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણાંમાંથી ભોગ બનનારનું અપહરણ કે અપનયન કરી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ ભોગ બનનાર સાથે તેણીની સંમતિ વગર અવાર-નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજારી ભોગ બનનારનું શારીરિક શોષણ તેમજ દુષ્કર્મ કરી ગુન્હો કરતાં આરોપી વિરુદ્ધ ફરિયાદ કરેલ.

૨. આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪, ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એક્ટની કલમ-૩(૨)(૫) મુજબની શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગેના આક્ષેપ છે. આ કામના ફરિયાદીએ જોડિયા પોલીસ સ્ટેશનમાં તા.૧૨/૦૨/૨૦૨૨ના રોજ ફરિયાદ નોંધાવતા જોડિયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૨૫૨૨૦૦૬૧/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩ મુજબનો ગુન્હો દાખલ થયેલ. સદર ફરિયાદ અનુસંધાને તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)

(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩(૨)(૫) અન્વયેનો ગુન્હો બનતો હોઇ, સદરહુ કલમો ઉમેરવાનો રીપોર્ટ કરી આરોપી વિરુદ્ધ સદર ગુન્હા અંગે પૂરતો પુરાવો જણાય આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એક્ટની કલમ–૩(૨)(૫) અન્વયેના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ, જે અત્રેની અદાલત દ્વારા રજિસ્ટરે લઇ સ્પેશ્યલ (પોક્સો) કેસ નં.૩૭/૨૦૨૨ થી નોંધવામાં આવેલ છે.

**3.** આ કામના આરોપી મુદ્દત તારીખે અદાલત સમક્ષ હાજર થતાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઇઓનું પાલન કરેલ હોવાની ખાત્રી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૮ અન્વયે આરોપી વિરુદ્ધ આંક–૧૧ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૪, ૫(એલ), ૬ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આંક–૧૨ થી આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમના વિરુદ્ધના ગુન્હાનો ઇન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે. અત્રે એ નોંધવું જરુરી છે કે, પોલીસે ઉપરોક્ત કલમો સાથે એટ્રોસીટી એક્ટની કલમ–૩(૨)(૫) મુજબ ચાર્જશીટ કરેલું પરંતુ આંક–૧૧ નું તહોમતનામુ જોતાં એટ્રોસીટીની કલમો અન્વયે કોઇ ચાર્જફ્રેમ કરવામાં આવેલ નથી.

૪. આરોપી વિરુદ્ધ આંક–૧૧થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરવા રજૂ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજૂ કરેલ ન હોઇ આંક–૧૧૮ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ તેમાં જણાવેલ છે કે, અમોએ કોઇ ગુન્હો કરેલ નથી. અમોને ખોટી રીતે ગુન્હામાં ફસાવી દીધેલ છે. અમો નિર્દોષ છીએ.

૫. ત્યારબાદ વિદ્વાન સરકારી વકીલશ્રીએ પ્રોસીક્યુશન તરફે દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે રજૂ થયેલ પુરાવાથી આરોપીએ ફરિયાદીની ભોગ બનનાર દીકરી સગીરવયની હોવાનું જાણતાં હોવા છતાં આરોપીએ ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભોગ બનનારનું અપહરણ કે અપનયન કરી લઈ જઈ, ભોગ બનનાર સાથે તેણીની મરજી અને ઈચ્છા વિરુદ્ધ અવાર–નવાર શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરેલાની હકીકત સ્પષ્ટ થતી હોય, આ કામે ફરિયાદપક્ષે મેડિકલ પુરાવાથી પણ આરોપી વિરુદ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરેલ હોઇ, આરોપીને સખત કેદની સજા તથા દંડ ફરમાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

૬. બચાવપક્ષે વિદ્વાન વકીલશ્રીએ આંક–૧૧૯ થી લેખિત દલીલ રજૂ કરેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના ફરિયાદીએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓને ભોગ બનનારની જન્મ તારીખ યાદ નથી. તેઓના લગ્ન ૩૫ વર્ષ પહેલા થયેલા અને લગ્નના એક વર્ષ બાદ તેમની મોટી દીકરીનો જન્મ થયેલ અને ત્યારબાદ જોડિયા દીકરીના જન્મ થયેલો. આમ, ઉપરોક્ત હકીકત જોતાં ભોગ બનનારની ઉંમર પુખ્તવયની હોવાનુ ફલિત થાય છે. આ સાથે તપાસ કરનાર અમલદારની જુબાની જોતાં તેઓએ

ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરિયાદીએ ભોગ બનનારનું ફક્ત આધારકાર્ડ રજૂ કરેલ. તેમજ ભોગ બનનારની શાળામાંથી ભોગ બનનારનો જન્મનો પુરાવો મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી. તપાસ દરમિયાન ભોગ બનનારની અલગ-અલગ જન્મ તારીખો રેકર્ડ ઉપર આવેલી. વધુમાં આંક-૭૭ થી ભોગ બનનાર જે શાળામાં અભ્યાસ કરતા હતા તે શાળાના આચાર્યની જુબાની જોતાં તેઓએ આંક-૭૮ થી સ્કુલ જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ તથા આંક-૭૯ થી ભોગ બનનારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. આ સાહેદે ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, નોંધણી ભોગ બનનારના જન્મ દાખલાના આધારે કરેલ નથી. તેમજ ભોગ બનનારની જન્મ તારીખ તેઓ રેકર્ડ આધારે કહી શકે. તેમની શાળામાં ભોગ બનનારની બહેન પણ અભ્યાસ કરતી હતી જે એડમિશનની નોંધ તેમની શાળાના જી.આર. રજી.માં નોંધ નં.૧૬૦૧ થી થયેલી છે. જેમાં ભોગ બનનાર બહેનની જન્મ તારીખ ૮/૩/૨૦૦૮ દર્શાવેલ છે અને નોંધ નં.૧૬૦૨ માં ભોગ બનનારની જન્મ તારીખ ૮/૪/૨૦૦૯ દર્શાવેલ છે. આમ, ઉપરોક્ત નોંધો જોતાં ભોગ બનનારની ઉંમરમાં વિસંગતતા જોવા મળે છે અને ભોગ બનનારની સાચી જન્મ તારીખ રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ઉપરોક્ત સાહેદોની જુબાની પરથી ભોગ બનનારની ઉંમર બાબતે શંકા ઉત્પન્ન થાય છે.

**૬.૧** બચાવપક્ષ તરફે પોતાની દલીલોમાં વધુમાં જણાવેલ છે કે, ફરિયાદીનો પુરાવો વંચાણે લેતાં ભોગ બનનાર કોની સાથે ગયેલી તેનું નામ જણાવેલ નથી. આરોપી તેમની સાથે મજૂરી કામ કરતા હોવાથી તેઓને ઓળખે છે. આમ, ફરિયાદીને પોલીસના કહેવાથી આરોપીનું નામ જાણવા મળેલ જેથી ફરિયાદીની ફરિયાદ અંગે શંકા ઉભી થાય છે. ફરિયાદીએ એવી કોઈ હકીકત જણાવેલ નથી કે, આરોપીને સદર ગુન્હાના કામે સંડોવી શકાય. વધુમાં આંક-૫૦ થી ભોગ બનનારની

માતાનો જુબાની જોતાં તેઓ અભણ છે અને લખતા વાંચતા આવડતુ નથી. તેમના લગ્ન આશરે ૩૦ વર્ષ પહેલા થયેલા. તેમને તેમના કોઇ બાળકોની જન્મ તારીખ યાદ નથી. ભોગ બનનારને સ્કુલમાં બેસાડતી વખતે ભોગ બનનાર દીકરીનો જન્મ તારીખનો દાખલો આપેલ નથી. તેમની ભોગ બનનાર દીકરી કોની સાથે ગયેલ તે તેઓ કહી શકેલ નહિ. પોલીસને તેણીએ કોઇનુ નામ લખાવેલ નથી. તેઓ જોડિયા પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે ભોગ બનનારે તેમને કે તેમના પતિને બનાવ અંગેની કોઇ માહિતી આપેલ નથી. ત્યારબાદ આંક-૭૧ થી ભોગ બનનારની જુબાની વંચાણે લેતાં તેણીએ પોતાની જન્મ તા.૮/૩/૨૦૦૮ જણાવેલ છે કે પરંતુ તે સંબંધે કોઇ જન્મ પ્રમાણપત્ર રજૂ થયેલ નથી કે ડોકટરશ્રીનું પણ પ્રમાણપત્ર રજૂ નથી. ભોગ બનનારે ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી મને હાથ પકડીને રીક્ષામાં બેસાડીને લઇ ગયેલો ત્યારે મેં બુમાબુમ કરેલ નહિ. તેમજ તેણી જે ફોટાની વાત કરે છે તેવા કોઇ ફોટા પોલીસ સ્ટેશને આપેલા નથી. ભોગ બનનાર તેણીના માતા-પિતાને કહ્યા વગર ગામ છોડીને જતી રહેલ હોવાનું જણાવેલ. આમ, ભોગ બનનાર પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ હોવાનું જણાઇ આવે છે. ત્યારબાદ ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોક્ટરશ્રીએ આંક-૩૬ ની જુબાની વંચાણે લેતાં તેમાં પણ ભોગ બનનારના શરીરના બાહ્ય ભાગે તથા ગુપ્ત ભાગે કોઇ ઈજાઓ જોવામાં આવેલ નથી. આમ, સદર હકીકત જોતાં ભોગ બનનાર ઉપર કોઇ જોરજુલમ થયેલ હોય તેવું જણાઇ આવતુ નથી. આ કામે ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સ્વતંત્ર સાહેદો કે જેઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે. આમ, ફરિયાપક્ષ પોતાનો કેસ શંકારહિત સાબિત કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૭. આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય

પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો તથા કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના અરસામાં સગીરવયની હતી?

૨. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૦/૦૨/૨૦૨૨ ના કલાક ૧૦.૩૦ વાગ્યે લીંબુડા ગામના પાદરમાંથી ફરિયાદીની સગીરવયની દીકરી ભોગ બનનારને તેણી સગીર હોવાનું આરોપી જાણતા હોવા છતાં ભોગ બનનારની સગીરવયની અવસ્થાનો લાભ લઇ લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના બદઇરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણાંમાંથી ભોગ બનનારનું અપહરણ કે અપનયન કરી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ ભોગ બનનાર સાથે તેણીની સંમતિ વગર અવાર-નવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજારી ભોગ બનનારનું શારીરિક શોષણ તેમજ દુષ્કર્મ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૪, ૫(એલ) તથા ૬ મુજબનો ગુન્હો કરેલ છે ?

૩. શું હુકમ ?

૮. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દાનં. ૧- નકારમાં

મુદ્દાનં. ૨- નકારમાં

મુદ્દાનં. ૩– આખરી હુકમ મુજબ.

૯. ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ :–**

**૧૦.** હાલના કિસ્સામાં ફરિયાદપક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૧ મુજબ સગીર એટલે ૧૮ વર્ષથી ઓછી વયની કોઈ સ્ત્રી. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૨(૧)(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ કોઈપણ વ્યકિત જેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય તે. સદર કાયદામાં જે ભોગ બનનાર છે તેની ઉંમર ખૂબ જ અગત્યની છે અને નામદાર સર્વોચ્ચ અદાલતના **જર્નેલસિંઘ વિ. સ્ટેટ ઓફ હરિયાણા**ના ચુકાદા મુજબ ભોગ બનનારની ઉંમરની ચકાસણી અંગે જુવેનાઈલ જસ્ટીશ એક્ટ મુજબની જોગવાઈઓ મુજબનો પુરાવો લઈ તેની પૂર્તતા કરી પુરવાર કરી શકે. સદર ચુકાદાના સિદ્ધાંતો મુજબ જુવેનાઈલ જસ્ટીશ રુલ–૧૨ માં દર્શાવ્યા મુજબ ભોગ બનનારની ઉંમર અંગેની ચકાસણી કરવી જોઈએ. સદર રુલ–૧૨ ની જોગવાઈઓને જુવેનાઈલ જસ્ટીશ (કેર એન્ડ પ્રોટેક્શન) એક્ટની કલમ–૯૪માં સમાવેશ કરવામાં આવેલ છે જેની જોગવાઈઓ નીચે મુજબ છે.

**Section 94 (2) of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2000 reads as under:-**

94(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining —

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

ઉપરોક્ત જોગવાઇ મુજબ કોઇપણ વ્યક્તિની ઉંમર નક્કી કરવા માટે સૌ પ્રથમ શાળામાંથી મેળવેલ જન્મ તારીખનો દાખલો, મેટ્રીક્યુલેશન સર્ટિફિકેટ અથવા કોઇપણ એક્ઝામિનેશને બોર્ડે આપેલ સર્ટિફિકેટના આધારે નક્કી કરી શકાય. જો ઉપરોક્ત દસ્તાવેજ ના હોય તો કોઇપણ કોર્પોરેશન અથવા મ્યુનિસિપાલિટી અથવા પંચાયત તરફથી આપેલ જન્મનો દાખલો અથવા આ કોઇ દસ્તાવેજ ના હોય તો મેડિકલ એઇજ ડીટર્મીનેશન ટેસ્ટના આધારે ઉંમર નક્કી કરી શકાય.

**૧૦.૧** આ કામે ફરિયાદપક્ષ દ્વારા ભોગ બનનાર સગીર વયના હતા તે સાબિત કરવા ફરિયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક-૪૬થી ફરિયાદી/ભોગ બનનારના પિતાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના જણાવ્યા મુજબ તેમની સૌથી મોટી દીકરી ૧૮ વર્ષની છે. ત્યારબાદ બે જુડવા દીકરી છે જેમની ઉંમર યાદ નથી અને આ જુડવા પૈકી એક બાળકી ભોગ બનનાર છે. સાથે-સાથે સાહેદ નં.૧૧ ભોગ બનનારનો પુરાવો જોતાં તેણીએ પોતાની જન્મ તારીખ ૮/૩/૨૦૦૮ દર્શાવેલ છે. આ સાથે સાહેદ નં.૧૨ આંક-૭૭ થી રમેશભાઇ લવજીભાઇ

ગાંભવા કે જેઓ સ્કુલના પ્રિન્સિપાલ છે તેમનો પુરાવો જોતાં સ્કુલના રેકર્ડમાં ભોગ બનનારની જન્મ તારીખ ૮/૪/૨૦૦૯ દર્શાવેલ છે. આ સાહેદે આંક–૭૮ થી સ્કુલનું જનરલ રજીસ્ટરનો ઉતારો રજૂ કરેલ છે જેમાં ભોગ બનનારની જન્મ તારીખ જોતાં ૮/૪/૨૦૦૯ ની જણાય છે. જ્યારે તેણીની બહેનની જન્મ તારીખ ૮/૩/૨૦૦૮ દર્શાવેલ છે. ભોગ બનનારના પિતાનો પુરાવો જોતાં બંને બહેનો જુડવા છે તેમ છતાં આંક–૭૮ ના સ્કુલ રેકર્ડમાં બંનેની જન્મ તારીખ અલગ–અલગ દર્શાવેલ છે. તદ્ઉપરાંત ભોગ બનનારની તેમણે જે જન્મ તારીખ દર્શાવેલ છે તે સ્કુલના રેકર્ડમાં દર્શાવેલ જન્મ તારીખથી અલગ છે. સાહેદ નં.૧૨ નાઓએ આંક–૭૯ તથા ૮૦ થી ભોગ બનનારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. અત્રે એ નોંધવુ ઉલ્લેખનીય છે કે, શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ ભોગ બનનારની ઉંમર નક્કી કરવા માટે ઉપયોગમાં લઇ શકાય નહિ. તદ્ઉપરાંત ભોગ બનનારે દર્શાવેલ તેમની જન્મ તારીખ પણ શાળાના રેકર્ડથી વિપરીત છે.

**૧૦.૨** આ કામે સાહેદ નં.૧૩ તરીકે આંક–૮૩ થી મહેન્દ્રકુમાર માવજીભાઇ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે. જેઓ નાની ઢઢેલી પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ છે. તેમના પુરાવામાં આંક–૮૪ થી પ્રવેશ ફોર્મનો નમૂનો તથા આંક–૮૫ થી શાળાનું અસલ રજીસ્ટરનો ઉતારો રજૂ થયેલ છે. જેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૦૮/૦૪/૨૦૦૯ દર્શાવેલ છે. જે ભોગ બનનારે દર્શાવેલ જન્મ તારીખથી અલગ છે. આમ, ઉપરોક્ત સમગ્ર પુરાવો જોતાં ફરિયાદપક્ષ ભોગ બનનારની ઉંમર સાચી દર્શાવતો કોઇ ચોક્કસ પુરાવો રેકર્ડ ઉપર રજૂ કરી શકેલ નથી. જેથી બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવું ફરિયાદપક્ષ સાબિત કરી શકેલ નથી તેથી મુદ્દા નં.૧ નો જવાબ '**નકાર**'માં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u> :-**

**૧૧.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૧ તરીકે આંક-૭૧ થી ભોગ બનનારને તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક-૭૨ થી સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબનું નિવેદન રજૂ થયેલ છે. ભોગ બનનારના પુરાવા મુજબ બનાવ સમયે તેણી કુનડ ગામે માતા-પિતા સાથે દેવજી તીકુ પટેલની વાડીમાં રહેતા હતા. આરોપી ભાવેશ રવજી પહેલા તેણીના ભાઇની પાસે આવેલ અને પછી તેમની પાસે આવેલ હતા તેથી તેણી આરોપીને ઓળખે છે. તેઓ જે વાડીએ રહેતા હતા તે વાડીમાં તેમના કાકાનો દીકરો વિનોદ વાડીએ ખેતમજૂરી કરવા માટે લઈ આવેલો. તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ તેણી સ્કુલે ગયેલ હતી. દરમિયાન તેણી સ્કુલેથી બોલપેન લેવા માટે ગયેલ હતી ત્યાં આરોપી ભાવેશ રીક્ષા લઇને આવેલ અને ત્યાંથી તેણીને રીક્ષામાં બેસાડીને ધ્રોલ લઇ ગયેલ. આરોપીએ તેણીને એવી ધમકી આપેલ કે, તું મારી સાથે નહિ આવે તો હું તારા ફોટા બધાને બતાવી દઇશ. આરોપી ભોગ બનનારને ઉકરડીનામુવાડા ગામે લઇ ગયેલ ત્યાં તેઓ બે મહીના રોકાયેલ. ત્યાં આરોપીએ તેણીની સાથે રોજ શારીરિક સંબંધ બાંધતો. ત્યારબાદ આરોપી તેના ભાઇ ગીરીશભાઇની બાજુની વાડીમાં લઇ ગયેલો. ત્યારબાદ પોલીસ ગીરીશભાઇને વાડીએ આવેલી અને તેઓને જોડિયા પોલીસ સ્ટેશન લઇ ગયેલા.

**૧૧.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ભોગ બનનારે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનાર તેની મરજીથી આરોપી સાથે ગયેલ હતી. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીએ તેણીને હાથ પકડીને રીક્ષામાં બેસાડીને લઇ ગયેલ ત્યારે તેણીએ બુમાબુમ કરેલી નહિ. તેણીને એ વાતની ખબર નથી કે, તેણીના ફોટા આરોપી કે તેના મિત્રએ કોઇને બતાવેલા કે નહિ. તેણી જે ફોટાની વાત કરે છે તેવા કોઇ ફોટા તેણીએ પોલીસ સ્ટેશનમાં આપેલા નથી. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ

જે બસમાં ધ્રોલ ગયા હતા તે બસમાં બીજા મુસાફરો હતા. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણી તેના માતા–પિતાને જાણ કર્યા વગર ગામ છોડીને જતી રહેલી. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ બંનેને પકડીને જામનગર પોલીસ સ્ટેશને લઇ ગયા બાદ તેણીએ તેના માતા–પિતાને પોલીસ સ્ટેશને કાંઇ વાત કરેલ નહિ. ભોગ બનનારે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાજુની વાડીમાં ખેત મજૂરો કામ કરતા હતા અને બાજુની વાડીમાં કામ કરતા મજુરોને તેણીએ આરોપી ભાવેશની ફરિયાદ કરેલી નહિ.

**૧૧.૨** આમ, ભોગ બનનારનો સમગ્ર પુરાવો જોતાં તેણીનો પુરાવો સાચો માની લેવામાં આવે તો પણ તમામ હકીકતો જોતાં ભોગ બનનાર પોતાની મરજીથી આરોપી સાથે સવા બે મહિનો જેટલો સમય રહેલ હોવાનું તથા પોતાની મરજીથી આરોપી સાથે શારીરિક સંબંધો બાંધેલાનું જણાઇ આવે છે તેથી તેવા પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ.

**૧૨.** આ કામે ભોગ બનનારના પિતાનો પુરાવો વંચાણે લેતાં ફરિયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક–૪૬ થી તપાસેલ છે. તેમની જુબાનીમાં આંક–૪૭ થી ફરિયાદ રજૂ છે. તેમના પુરાવા મુજબ બનાવ સમયે તેઓ કુનડ ગામે વાડી વિસ્તારમાં રહેતા હતા. બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ વાડીએ દવા છાંટતા હતા અને ભોગ બનનાર તથા તેની બેન લીંબુડા ગામની સ્કુલે ભણવા ગયેલી હતી. સ્કુલે તેમની ભોગ બનનાર સ્કુલે ન આવેલ હોવાથી માસ્તર સાહેબ પાસે ફોન કરાવેલ. ત્યારબાદ તેઓએ સગા વ્હાલામાં તપાસ કરતા તેમની ભોગ બનનાર દીકરી મળી આવેલ નહિ જેથી પોલીસમાં ફરિયાદ કરેલી. ત્યારબાદ ત્રણ મહીના પછી તેમની ભોગ બનનાર દીકરી મળેલી. તેઓએ ભોગ બનનારને બનાવ અંગે પુછતાં તેણીએ જણાવેલ કે, રીક્ષા લઇને ભાવેશ નામનો વ્યકિત લેવા આવેલ અને

તેણીને લીંબુડા ગામે સ્કુલેથી લઈ ગયેલ. તેમની ભોગ બનનાર દીકરીએ તેની સાથે શું બનેલ તે જણાવેલ નહિ. આરોપી તેમની ભોગ બનનાર દીકરીને જ્યાં–જ્યાં લઈ ગયેલ ત્યારે તેઓ પોલીસ સાથે ગયેલા હતા. આરોપીએ ભોગ બનનાર સાથે ખરાબ કામ કરેલુ. ફરિયાદી આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

**૧૨.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર રાખેલ છે કે, ભોગ બનનાર કોની સાથે ગયેલી તેની તેઓને જાતમાહિતી ન હતી. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર છે કે, ભોગ બનનારે તેમને કોઈ વાત કરેલ નથી. ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી તેમની સાથે મજૂરી કામ કરતો એટલે તેઓને ઓળખે છે. ફરિયાદીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી ભાવેશનું નામ શકના આધારે આપેલ. ફરિયાદીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદ આપ્યા સિવાય પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી.

**૧૩.** ફરિયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૫૦ થી ભોગ બનનારની માતાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમનો પુરાવો જોતાં બનાવ સમયે તેઓ કુનડ વાડી વિસ્તારમાં રહેતા અને વાડીએ મજૂરી કામ કરતા હતા. તેમની ભોગ બનનાર તથા બીજી દીકરી બંને લીંબુડા ગામની સ્કુલે ભણવા ગયેલી હતી. ત્યાં તેમની બીજી દીકરી ભોગ બનનાર સ્કુલે ન આવેલ હોવાથી માસ્તર સાહેબ પાસે ફોન કરાવેલો અને ભોગ બનનારની સગાવહાલાને ત્યાં તપાસ કરવાનુ કહેલુ. ત્યારબાદ તેઓએ વાડીએ તથા સગાવહાલાને ત્યાં તપાસ કરાવતાં ભોગ બનનાર મળી આવેલ નહિ જેથી તેણીના પતિએ પોલીસમાં ફરિયાદ કરેલી. ત્યારબાદ ભોગ બનનનાર મળી આવતાં તેણીએ બનાવ અંગે પુછપરછ કરેલી પરંતુ ભોગ બનનારે બનાવ અંગે કંઈ જણાવેલ નહિ. ભોગ બનનારને ભાવેશ લઈ ગયેલ હોવાનું જણાવેલ. આમ, સાહેદ વિશેષમાં કંઈ ન જણાવતા ફરિયાદપક્ષે તેમને હોસ્ટાઈલ જાહેર

કરવામાં આવેલ છે અને ત્યારબાદ પણ તેમણે પોલીસ રુબરુના નિવેદન મુજબની કોઈ હકીકત પોતાના પુરાવામાં જણાવેલ નથી.

**૧૩.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સ્ટેશને તેઓએ કોઇનું નામ લખાવેલ ન હતુ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ પોલીસનો ફોન આવેલો અને તે જ દિવસે તેમને તેમની દીકરીનો કબજો સોંપેલો. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની દીકરીએ તેમને તથા તેના પતિને બનાવ અંગેની કોઇ માહિતી આપેલ નથી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસના કહેવાથી તેઓએ ભાવેશનું નામ આપેલુ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૧૩/૫/૨૦૨૨ પછી તેઓને ક્યારેય પોલીસ સ્ટેશન જવાનુ થયેલુ નહિ. સાહેદે એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, તેમની દીકરી તેના પિતાના બીકના કારણે ઘરેથી જતી રહેલી.

**૧૩.૨** આમ, ઉપરોક્ત બંને સાહેદો કે જે ભોગ બનનારના માતા–પિતા હોય તેમનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં જણાઇ આવે છે કે, ભોગ બનનારે બનાવ અંગેની કોઇ જ હકીકત જણાવેલ હોય તેમ જણાઇ આવતુ નથી. આમ, આરોપી ભોગ બનનારને ભગાડી લઇ જઇ ભોગ બનનાર સાથે બળજબરીથી દુષ્કૃત્ય કરેલ હોવાનું તેઓના પુરાવા ઉપરથી જણાઇ આવતુ નથી. તેમજ ભોગ બનનારની માતાને ફરિયાદપક્ષ દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ.

**૧૪.** ફરિયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૩૬ થી ભોગ બનનારની મેડિકલ તપાસણી કરનાર ડો.કેશા રાજેશભાઇ લાડકીયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક–૩૭ થી ૪૧ સુધીના કાગળો રજૂ થયેલા છે. તેમના પુરાવા મુજબ તા.૧૩/૦૫/૨૦૨૨ ના રોજ તેઓ જામનગર જી.જી.હોસ્પિટલમાં ગાયનેક વિભાગમાં જુનીયર ડોકટર તરીકે હાજર હતા. દરમિયાન રાત્રીના ૧૧:૦૦ વાગ્યે

ભોગ બનનારને એમ.એલ.સી.નં.૩૫૬૮/૨૦૨૨ થી મહીલા પોલીસ કોન્સ્ટેબલ પોલીસ યાદી સાથે મેડિકલ તપાસણી કરવા માટે લઈ આવેલા. તેમની સમક્ષ ભોગ બનનારને લાવેલ તે વખતે તેણીની સ્થિતી નોર્મલ હતી. તેણીએ નાહી લીધેલ હતુ અને કપડા બદલાવી નાખેલ હતા. ભોગ બનનારને બનાવ અંગેની હિસ્ટ્રી પુછતાં તેણીએ જણાવેલ કે, ભોગ બનનાર આરોપી સાથે દેવજીભાઈ ત્રીકમની વાડીમાં એક વર્ષથી કામ કરતી હતી. આરોપી ટ્રેકટરના ડ્રાઈવર હતા ત્યારે તેઓ વાતો કરતા હતા. તા.૮/૨/૨૦૨૨ ના રોજ ભોગ બનનારના મમ્મીના ફોનમાંથી વાત કરેલી અને સ્કુલમાંથી લઇ જવા માટે કહેલું. બીજા દિવસે તા.૯/૨/૨૦૨૨ ના આરોપી અને ભોગ બનનાર બંને ભાગીને અમૃતભાઈની વાડીમાં પહોંચેલા અને ત્યાં તેઓ એક–બે મહિના સુધી રહેલા જ્યાં તમોએ વારંવાર ગર્ભ નિરોધક સાધનના ઉપયોગ કર્યા વગર સબંધો બાંધેલ. ત્યાંથી ગીરીશભાઈ પટેલની વાડીએ પહોંચ્યા અને પંદર દિવસ સુધી રોકાયા. ત્યાં તેઓએ બે–ત્રણ દિવસ કોઈ ગર્ભ નિરોધક સાધનના ઉપયોગ વગર સંબંધ બાંધેલા. ભોગ બનનારને મેડિકલ તપાસણી અંગેની સમજ કરી સહમતિ લઇ મેડિકલ તપાસણી કરતા તેણીના શરીરના બાહ્ય તથા ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહિ અને ભોગ બનનારનું યોનિપટલ જૂનું તૂટેલ હતુ. તેઓએ ભોગ બનનારના જરુરી નમૂનાઓ લઇ જામનગર જી.જી.હોસ્પિટલના અન્ય વિભાગમાં મોકલેલા. ભોગ બનનારની મેડિકલ તપાસણી પરથી તેમના અભિપ્રાય મુજબ તેણીની સાથે શારીરિક સબંધ બંધાયેલ હોવાની શક્યતા નકારી શકાય નહિ.

**૧૪.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની તપાસ કરી ત્યારે પોલીસ તથા તેની માતા સાથે હતા. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારની માતાએ જણાવ્યા પ્રમાણે ભોગ બનનારની હિસ્ટ્રી

જણાવેલી છે. ભોગ બનનારે તેઓને હિસ્ટ્રી જણાવેલી. ભોગ બનનારની ગાયનેક તપાસ તેઓએ કરેલી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારના શરીર પર આંતરીક કે બાહ્ય ઈજા જોવામાં આવેલ નથી.

**૧૪.૨** આમ, આ સાહેદનો પુરાવો જોતાં ભોગ બનનારના શરીર ઉપર કોઈ આંતરીક કે બાહ્ય ઈજા જોવામાં આવેલ નહિ. આરોપીએ ભોગ બનનાર સાથે કોઈ બળજબરી કે જોર જુલમ કરેલ હોય કે તેણીની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધેલ હોય તેમ જણાઈ આવતું નથી.

**૧૫.** ફરિયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક–૫૧ થી બાળ સાહેદ સતીકા દિનેશભાઈ ડામોરને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ એકાદ વર્ષ પહેલા તે તથા તેની બહેન ભોગ બનનાર લીંબુડા ખાતે ભણતા હતા. તેમની ભોગ બનનાર બહેન તેને બોલપેન લેવા જવાનું કહી પોતાનો થેલો આપી ગયેલ. ત્યારબાદ તેની બહેન સ્કુલે પરત ન ફરતા તે શોધવા ગયેલી. તેણે સ્કુલના શિક્ષક કહેલું કે, ભોગ બનનાર મળી આવતી નથી. ત્યારબાદ સાહેબે તેના પિતાને ફોન કરેલો. તેના પિતા તેમની સ્કુલે આવેલા હતા. તેઓએ કાળુભાઈની દુકાને સી.સી.ટી.વી. કેમેરામાં જોયેલુ. ત્યારબાદ તેના પિતા ભોગ બનનારને શોધવા ગયેલા. ત્યારબાદ તેના પિતાએ ફરિયાદ નોંધાવેલી.

**૧૫.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર બોલપેન લેવા ગયેલી બાદ શું થયું તે તેઓ કહી શકે નહિ.

**૧૬.** ફરિયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે આંક–૫૮ થી સાહેદ વિનોદ સળીયા નીનામાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ તેમના લગ્ન વટલી ગામે થયેલા. તેમની પત્નિને ત્રણ બહેનો છે. તેમનાથી મોટા સાઢુભાઈ જે ભોગ બનનારના પિતા છે અને બનાવ વખતે કુનળ ગામે રહેતા હતા. બનાવ વખતે તેઓ તેમના દેશમાં હતા. તેમના સાઢુભાઈ

ભોગ બનનારના પિતાનો ફોન આવેલો અને ભોગ બનનાર નિશાળે ગયેલી પરંતુ નિશાળે પહોંચેલી નહિ અને ક્યાંક જતી રહેલ હોવાનું જણાવેલ. ત્યારબાદ તેઓએ તેમના સાઢુભાઇ સાથે શોધખોળ કરેલી.

**૧૬.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેઓને કોઇ જાતમાહિતી નથી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઇ અજાણ્યા ઇસમ સામે તેમના સાઢુભાઇએ ફરિયાદ લખાવેલી.

**૧૭.** ફરિયાદપક્ષે સાહેદ નં.૮ તરીકે આંક–૫૯ થી સાહેદ સરલાબેન વિનોદભાઇ સળીયાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ તેઓ ત્રણ બહેનો છે. તેમની એક બહેનનું નામ સુમીત્રા છે અને બીજી બહેન ભોગ બનનારની માતા છે. બનાવ વખતે તેઓ દેશમાં હતા. બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલો. બનાવ અંગેની જાણ તેમના બનેવીએ ફોન કરીને કરેલ. ફરિયાદપક્ષે સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષ કાંઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૧૭.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેઓને કોઇ જાતમાહિતી નથી.

**૧૮.** ફરિયાદપક્ષે સાહેદ નં.૯ તરીકે આંક–૬૬ થી સ્વતંત્ર સાહેદ રાઘવજીભાઈ ડોસાભાઈ નાગપરાને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ તેઓ લીંબુડા ગામે રહી ખેતીકામ કરે છે અને તેમને માલીકીની જમીન છે. બનાવ વખતે તેઓ વાડામાં બેઠા હતા. ત્યાંથી આરોપી અને ભોગ બનનારને જતા તેઓએ જોયેલા.

**૧૮.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેઓને કોઇ જાતમાહિતી નથી.

**૧૯.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૦ તરીકે આંક–૬૮ થી સ્વતંત્ર સાહેદ

ગીરીશભાઇ લલ્લુભાઈ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ બનાવ બે–ત્રણ વર્ષ પહેલા બનેલો. તેઓ રફીકભાઇને ઓળખે છે. તેઓ મજૂરી કામ કરે છે. તેઓ બનાવ વિશે કશુ જાણતા નથી. તેમના ખેતરે કોઇ છોકરો કે છોકરી કામ માટે આવેલ હોય તેવું બનેલ નથી. તેઓએ ભોગ બનનાર કે આરોપી બાબતે કાંઇ માહિતી જાણેલ નથી. ફરિયાદપક્ષે સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષ કાંઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૧૯.૧** ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેઓનું નામ સરનામુ પુછેલુ તે સિવાય કશુ જાણતા નથી.

**૨૦.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૪ તરીકે આંક–૮૮ થી સ્વતંત્ર સાહેદ રફીકમીયા અસરફમીયા શેખને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ બનાવ વિશે તેઓ કશું જાણતા નથી. આરોપી ભાવેશ રવજી સોલંકી તેમના સગા થતા નથી કે તેઓ તેમને ઓળખતા નથી. તેમના મામાનું નામ મુસ્તુફા હસનમીયા બેલીમ છે તેઓ આંત્રોલી ગામે રહે છે. તેઓએ કોઇ ઇસમને બનાવ સંબંધે આશરો આપેલ હોય કે કોઇ વ્યવસ્થા કરી આપેલ હોય તેવું બનેલ નથી. તેઓ રતિલાલ બાલાજીને ઓળખતા નથી. તેઓ ઘણા સમય પહેલા તેમના મામાના ઘરે ખેતીકામ કરવા ગયેલા હતા. બનાવ વખતે તેમને કોઇ ઇસમનો ફોન આવેલો હોય અને તેની સાથે કોઇ છોકરી હોય તેને મોટર સાયકલમાં બેસાડી તેમના મીત્ર રતિલાલ બાલાજીના ઘરે મુકી આવેલ હોય તેવું બનેલ નથી. બનાવ વખતે કોઇ ઇસમને તેઓએ ખેતીકામ માટે રખાવી દીધેલ હોય તેવું બનેલ નથી. કોઇ ઇસમે છોકરીની ખોટી ઓળખ આપી હોય તેવું બનેલ નથી. ફરિયાદપક્ષે સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષ કાંઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૨૦.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેઓને કોઇ જાતમાહિતી નથી.

**૨૧.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૫ તરીકે આંક-૮૯ થી સ્વતંત્ર સાહેદ ચંદ્રિકાબેન ગીરીશભાઇ પટેલને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ તેઓ મોવાડા ગામે પરીવાર સાથે રહી ખેતી કરે છે. તેઓ ખેતીકામમાં છૂટક મજુરો રાખે છે. તેમના પતિના મીત્રએ ખેતમજૂરી કામે કોઇ માણસોને મોકલેલ ન હતા. ક્યારેય તેમના ખેતરે કોઇ છોકરો કે છોકરી મજૂરી કામે આવેલ ન હતા. બનાવ વિશે તેઓ કશુ જાણતા નથી. ફરિયાદપક્ષે સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષ કાંઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૨૧.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેઓને કોઇ જાતમાહિતી નથી.

**૨૨.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૬ તરીકે આંક-૯૩ થી સ્વતંત્ર સાહેદ રતિલાલ બાલાજી ખાટને સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ તેઓ મોવાડી ગામે પટેલની વાડીમાં ભાગમાં તેમના પિતાજી સાથે ખેતીકામ કરે છે. તેમનો ભાઇ લાલજી ઘણા વર્ષોથી મામાના ઘરે રહે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, એવું બનેલ નથી કે, રફીકમીયા શેખ તેમનો મીત્ર થતો હોય અને તે બનાવના ચારેક મહિના પહેલા રાત્રે તેની બાઇકમાં કોઈ છોકરો અને છોકરીને તેમના ઘરે આવેલ હોય અને આ છોકરા છોકરીની ઓળખાણ તેમની સાથે કરાવેલ હોય અને તેમને તેઓના ઘરે એક દિવસ રોકાવાનું જણાવેલ હોય છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, એવું બનેલ નથી કે, તેમના ઘરે થોડીવાર આ છોકરો છોકરી રોકાયેલ હોય દરમિયાન તેઓને એવું જાણવા મળેલ કે, ભાવેશ સાથે આવેલ છોકરીને તે ભગાડીને લાવેલ.

ફરિયાદપક્ષે સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષ કાંઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**૨૨.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેઓને કોઇ જાતમાહિતી નથી.

**૨૩.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૧૭ થી પંચ સાહેદ રીઝવાન શબ્બીર હુશન શેખને સોંગદ ઉપર તપાસેલ છે. જેઓ આંક–૧૯ તથા આંક–૨૦ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેમના પુરાવા મુજબ તા.૩/૬/૨૦૨૨ નારોજ જામનગર જિલ્લાના જોડિયા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ડી.પી.ચુડાસમા સાહેબે પંચમાં રહેવા માટે તેમની રાજ્યવેરા કચેરી, કપડવંજમાં લેખિત યાદી આપતા તેઓ હાજર થયેલા અને તેઓ પંચમાં રહેવા માટે કપડવંજ તાલુકાના ગામ ઉકરડીનામુવાડા ગામે ગયેલા. ત્યાં ભોગ બનનારે જે જગ્યાએ બનાવ બનેલ હતો તે જગ્યા આગળ ચાલી બતાવેલ. જે જગ્યા પર વાડીના માલીક ગીરીશભાઇ લલુભાઇ પટેલ અને ભોગ બનનારના માતા–પિતા સાથે ભોગ બનનાર હાજર હતા. જે બનાવવાળી જગ્યાએ ઉત્તર સાઇડ પાંચેક લીમડાના ઝાડ હતા તે પૈકી એક લીમડાના ઝાડ નીચે ખાટલો હતો તેના પર દુષ્કૃત્ય કરેલાનું જણાવેલ અને ખાટલા પર ગોદડુ હતુ જે પોલીસે કબજે કરી, બનાવવાળી જગ્યાની ચર્તુદિશા જણાવેલ. ત્યારબાદ તે જ દિવસે અમદાવાદ જિલ્લાના દસપુર તાલુકાના ઉહા ગામે પંચમાં ગયેલા. ત્યાં પણ ભોગ બનનાર તથા તેના માતા–પિતા સાથે હતા. ત્યાં ભોગ બનનારે બનાવવાળી જગ્યા આગળ ચાલીને બતાવેલ. તે જગ્યા વાડી હતી અને તે જગ્યાએ દક્ષિણ સાઇડ એક રુમ હતો અને તે રુમની અંદર એક ખાટલો હતો અને તે ખાટલા પર આરોપીએ દુષ્કૃત્ય કરેલાનું જણાવેલ. આ પંચ સાહેદ પોતાની રુબરુ કબજે કરેલ ગોદડુ કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

**૨૩.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતની સ્વીકાર કરેલ છે કે, પંચમાં રહેવા માટે તેમના ઉપરી અધિકારીએ કોઇ લેખિત હુકમ કરેલ નથી. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ કોઇપણ જગ્યાએ પંચમાં રહેવા ગયેલ ન હતા. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ કોઇપણ જાતના ચિન્હો મળી આવેલા નથી અને કબજે કરેલ ગોદડામાં કોઇ ડાઘ જણાઈ આવેલ નહિ.

**૨૪.** ફરિયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૨૮ થી પંચ સાહેદ ડાડુભાઇ માલદેભાઇ રાવલીયાને સોંગદ ઉપર તપાસેલ છે. જેઓ આંક–૩૧ તથા આંક–૩૨ વાળા આરોપી તથા ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા તથા આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેમના પુરાવા મુજબ તા.૧૬/૫/૨૦૨૨ ના રોજ તેઓ જિલ્લા તિજોરી કચેરી, જામનગર ખાતે ફરજ પર હતા દરમિયાન તેમના ઉપરી અધિકારીની સૂચનાથી તેઓ પંચમાં ડીવાય.એસ.પી. ગ્રામ્યની કચેરી ખાતે હાજર થયેલ. ત્યાં આરોપી અને ભોગ બનનાર હાજર હતા અને તેમની હાજરીમાં આરોપીએ અને ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા રજૂ કરતા પંચનામાની વિગતે કબજે કરી આરોપીને ગુન્હાના કામે અટક કરેલાનું જણાવેલ.

**૨૪.૨** આમ, આ ઉપરોક્ત બંને પંચ સાહેદોના પુરાવા ઉપરથી એટલી હકીકત સ્પષ્ટ થાય છે કે, આ બનાવવાળી જગ્યાના પંચનામા વખતે આ પંચ સાહેદ ત્યાં હાજર હતા અને તેમણે બનાવવાળી જગ્યા જોયેલી હતી. તેમજ આરોપી અને ભોગ બનનારને બનાવ સમયે પહેરેલ તેમની હાજરીમાં કબજે કરી આરોપીને ગુન્હાના કામે અટક કરવામાં આવેલ અને આ પંચનામુ તેઓની હાજરીમાં કરવામાં આવેલું.

**૨૫.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૭ તરીકે આંક–૧૦૧ થી તપાસ કરનાર

અમલદાર કૃણાલ ઈશ્વરભાઈ દેસાઈને સોંગદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક-૧૦૨ થી આંક-૧૦૭ સુધીના દસ્તાવેજો રજૂ થયેલા છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૨ માં જામનગર ખાતે તેઓ ગ્રામ્ય ડી.વાય.એસ.પી. કચેરીમાં ફરજ પર હતા દરમિયાન જોડિયા પો.સ્ટે.ના દાખલ થયેલ ગુ.ર.નં.૬૧/૨૦૨૨, આઇ.પી.સી. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન)(૩), પોકસો એક્ટની કલમ-૪, ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એક્ટની કલમ-૩(૨)(૫) મુજબના ગુન્હાની આગળની તપાસ તેઓને પી.એસ.આઇ.શ્રી જોડિયા તરફથી મળેલી. તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના લખાવ્યા મુજબના તેઓ રુબરુના નિવેદન લીધેલા. તેમજ ભોગ બનનારનું વિશેષ નિવેદન લીધેલ. સરકારી પંચો ફાળવવા જરુરી યાદી કરેલ. ભોગ બનનાર અને આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરેલ. તેમજ ભોગ બનનાર અને આરોપીની મેડિકલ તપાસણી કરવા યાદી કરેલ અને જરુરી સર્ટિફિકેટ મેળવવા હોસ્પિટલને યાદી કરેલ. કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ.ને તપાસણી અર્થે મોકલી આપેલ અને પરીક્ષણ રીપોર્ટ આવતા કામમાં સામેલ રાખેલ. તેમજ ભોગ બનનારનું સી.આ.પી.સી. કલમ-૧૬૪ મુજબનુ નિવેદન લેવડાવવા કાર્યવાહી કરેલ. આ કામે ફરિયાદી તથા ભોગ બનનારનુ જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવેલ. આરોપીને પંચનામાની વિગતે અટક કરેલ અને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

**૨૫.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીએ ભોગ બનનારના ફોટા વાઈરલ કરેલ હોય તેવો કોઇ પુરાવો મળી આવેલ નહિ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની શાળાના પ્રિન્સિપાલ કે શીક્ષકોનું નિવેદન લીધેલ નથી.

**૨૬.** ફરિયાદપક્ષે સાહેદ નં.૧૮ તરીકે આંક-૧૦૮ થી અન્ય તપાસ કરનાર

અમલદાર ધર્મદિપસિંહ પ્રવિણસિંહ ચુડાસમાને સોંગદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવામાં આંક–૧૦૯ થી આંક–૧૧૫ સુધીના દસ્તાવેજો રજૂ થયેલા છે. તેમના પુરાવા મુજબ સને ૨૦૨૨ માં તેઓ જોડિયા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા દરમિયાન ફરિયાદીએ તેમના રુબરુ ફરિયાદ હકીકત જાહેર કરતાં તેઓએ ધોરણસર ફરિયાદ નોંધી લીધેલ અને ફરિયાદના આધારે ગુન્હો દાખલ કરી આગળની તપાસ તેઓએ સંભાળેલી. તપાસ દરમિયાન ભોગ બનનારનું પ્રથમ નિવેદન તા.૧૩/૫/૨૦૨૨ ના રોજ લીધેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા. ભોગ બનનારનું પ્રથમ નિવેદન તેઓએ લેતાં સદરહુ કામે કલમ ઉમેરો કરવાનુ જણાતા સદરહુ કામે એટ્રોસીટી એક્ટની કલમ–૩,૨, ૫ તથા પોકસો એક્ટની કલમ–૪,૫(એલ) તથા ૬ મુજબનો ઉમેરો કરવા જોડિયા કોર્ટને યાદી કરેલ. ત્યારબાદ સદરહુ કામે એટ્રોસીટી મુજબનો ગુન્હો બનતો હોય ડી.વાય.એસ.પી. દેસાઇ સાહેબને તપાસ સોંપેલી.

**૨૬.૧** બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનાર કાળુભાઇની દુકાને પેન લેવા ગયેલી અને ત્યાંથી સ્કુલે ગયેલી નહિ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કાળુભાઇ તથા તેમની આસપાસના દુકાન વાળાના નિવેદન નોંધેલ નહિ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કાળુભાઇની દુકાનથી શાળાની વચ્ચે ઘણા મકાનો આવેલા છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી ભોગ બનનારને લઇ ગયેલ હોવા સંબંધે કોઇ નજરે જોનાર સાહેદ જણાઇ આવેલ નહિ. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ બે દિવસના વિલંબથી આપવામાં આવેલ.

**૨૭.** આમ, ઉપરોક્ત પુરાવાની ચર્ચાના અંતે સ્પષ્ટ જણાઇ આવે છે કે, ભોગ બનનારે પોતાના પુરાવામાં આરોપીએ ભોગ બનનાર સાથે નહિ આવે તો તેણીના ફોટા બધાને બતાવી દેવાની ધમકી આપેલ અને

તેણીનો હાથ પકડીને રીક્ષામાં બેસાડીને લઇ ગયેલ ત્યારે ભોગ બનનારે કોઇ બુમાબુમ કરેલ નહિ હોવાનું જણાવેલ. વધુમાં ભોગ બનનાર જે ફોટાની વાત કરે છે કે તેવા કોઇ ફોટા રજૂ થયેલા નથી કે તપાસના કામે પોલીસે કબજે કરેલ નથી. ભોગ બનનારની શારીરિક તપાસણી કરનાર ડોકટરના પુરાવામાં પણ ભોગ બનનારને શારીરિક તપાસણી માટે લઇ આવેલ ત્યારે તેણીની સ્થિતિ નોર્મલ હતી. ભોગ બનનારની શારીરિક તપાસણી દરમિયાન તેના શરીર ઉપર કોઈ બાહ્ય કે આંતરિક ઈજાના નિશાન જણાયેલ નહિ. તેમજ ભોગ બનનારની ગુપ્ત ભાગે તપાસ કરતા કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહિ. આમ, આરોપીએ તેણીની સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધેલ હોય તેમ જણાઇ આવતુ નથી. વધુમાં ભોગ બનનારના પિતા/ફરિયાદી તથા ભોગ બનનારની માતાએ ભોગ બનનાર મળી આવેલ ત્યારબાદ ભોગ બનનારે તેઓને બનાવ અંગે કોઈ વાત કરેલ નહિ હોવાનું જણાવેલ. ભોગ બનનારની માતાને ફરિયાદપક્ષ દ્વારા હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ. ઉપરોકત બંને સાહેદોએ ફરિયાદ હકીકત મુજબનો બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી. વધુમાં આ કામે ફરિયાદપક્ષે આંક-૫૮થી તપાસેલા ફરિયાદીના સાઢુભાઇ તથા આંક-૫૯ થી તેમની પત્નિના પુરાવામાં તેઓને બનાવ અંગે કોઇ જાતમાહિતી નહિ હોવાનું જણાવેલ. આમ, સદર સાહેદનો પુરાવો ફરિયાદપક્ષને મદદકર્તા નથી. તેમજ ફરિયાદપક્ષે તપાસેલા સ્વતંત્ર સાહેદો પોતાના પુરાવામાં તેઓને બનાવ અંગે કોઇ જાતમાહિતી નહિ હોવાનું જણાવેલ અને તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા. તે સંજોગોમાં ફરિયાદ હકીકત મુજબનો કોઈ બનાવ બનેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, ઉપરોક્ત પુરાવાના ચર્ચાના અંતે ભોગ બનનાર પોતાની મરજીથી આરોપી સાથે સવા બે મહિનો જેટલો સમય રહેલ હોવાનું તથા પોતાની મરજીથી આરોપી સાથે શારીરિક સંબંધો બાંધેલાનું જણાઇ આવે છે. તેથી ફરિયાદમાં જણાવેલ છે તે રીતે આરોપીએ ભોગ

બનનારનું અપહરણ કરી, અલગ–અલગ જગ્યાએ લઇ જઇ, તેણી સાથે તેણીની મરજી અને ઇચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી. તે સંજોગોમાં મુદ્દા નં.૨ નો જવાબ '**નકાર**'માં આપી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

**૧.** આ કામના આરોપી ભાવેશ રાવજીભાઇ સોલંકી, રહે.આંત્રોલી ગામ, તા.કપડવંજ, જિ.ખેડા નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪, ૫(એલ) અને ૬ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના જામીન આપવા. આ જામીનખત હુકમની તારીખથી છ માસ સુધી અમલમાં રહેશે.

**3.** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૮ વાળા મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નિકાલ કરવો.

આ હુકમ આજરોજ તા.૩૦મી, માહે મે, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૩૦/૦૫/૨૦૨૬
સ્થળ: જામનગર
*U.B.Mori*

**(રોબિન પી. મોગેરા)**
વિશેષ (પોક્સો) ન્યાયાધીશ
અને અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ01539